April 2026

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 21 • Issue 7 / 242

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર • Mumbai • Page 24 • Price Rs. 2/-
• PRGI. Regd. No. MAHGUJ/2006/18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • Email : patanmandal@gmail.com • www.patanmandal.org



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)



**મારા વહાલા વતન, પાટણના પટણીઓ**
**પ્રણામ !**

**''જબ સે ચલા હું, મેરી મઝિલ પર નજર હૈ,**
**કભી મૈને મીલ કે પત્થર કો નહીં દેખા...''**

**દરેક નાનકડો પ્રયાસ એ ધસમસતા પ્રવાહમાં વહેતી નાનકડી હોડીને આગળ ધપાવવા માટે મારેલા હલેસા સમાન છે, જે વર્તમાન પરિસ્થિતિને તાબે થવાને બદલે નક્કી કરેલા કિનારા સુધી પહોંચી જવાના ઈરાદાના પ્રતિબિંબ સમાન છે. મન જેટલું મક્કમ હોય તેટલું જ જોમ દરેક પ્રયાસમાં રેડાય છે અને તેના જ કારણે આગળ વધવાની ગતિમાં નવી ઉર્જાનો સંચાર થતો હોય છે, જોકે, આ સમયે સફરમાં મળતી નાની-નાની સફળતાની ઉજવણીમાં ડૂબી જવાને બદલે પોતાની પ્રતિભાને વધુ નિખાર આપવાની અને આગળ વધવાના પ્રયાસોમાં સાતત્યને જાળવી રાખવાની જરૂરિયાત રહે છે અને તેના થકી જ આખરે અસાધારણ સિદ્ધિઓને હાંસલ કરી શકાય છે.**

મારા પ્યારા સ્નેહીજનો, અયોધ્યા વારાણસી યાત્રા પ્રવાસની સુખદ અને યાદગાર પળોને સૌ યાત્રિકોએ તેમના હૃદયના કેમેરામાં અંકિત કર્યા છે. મારે જ્યાં જ્યાં જવાનું થાય છે ત્યાં સહુ કોઈ આ પ્રવાસનો આનંદ વ્યક્ત કરે છે તે ખૂબ જ પ્રસંશનીય છે. **ભક્તિનો, શક્રસ્તવ પૂજનનો, ૪૭ કલ્યાણક ભૂમિનો સ્પર્શ દરેકના હૃદયમાં અંકિત છે. સાથે સાથે અયોધ્યા રામ મંદિરની મુલાકાત પણ સ્મરણિય બની છે.** બધાની ઈચ્છા છે કે **વર્ષ ૨૦૨૮માં** નવા યાત્રાપ્રવાસની તૈયારી કરો. પરમાત્માને પ્રાર્થના કરીએ કે જરૂરથી એમના આશીર્વાદ અને કૃપા થશે તો આપણે પ્લાનીંગ કરીશું.

આ વર્ષની અનાજ વિતરણના પ્લાનીંગ માટે અમારી ટીમે **ત્રણ ડિલીવરીનું આયોજન** કર્યું છે. હંમેશની જેમ ઘરે બેઠા ડિલીવરી મળી જશે. **આ વખતે ગોળની એક આઈટમનો ઉમેરો કર્યો છે.** અનાજ વિતરણની સ્કીમમાં અમે દાતાઓને અપીલ કરીએ છીએ કે આપણા જ સાધર્મિક - જરૂરિયાતમંદ પરિવારોને દિન-પ્રતિદિન મોંઘવારીમાં તેમના ઘરે અનાજ રાહત પહોંચાડીને પરમાત્માના આ જૈન શાસનમાં ઉત્તમ કાર્ય કરી પુણ્યકર્મના ભાગીદાર બનીએ. ગત વર્ષની જેમ જ **રૂા. બે લાખની સ્કીમમાં આપ લાભ લઈ શકો છો અંદાજિત ૨૨૦ કુટુંબોને ... અનાજ પહોંચાડવામાં આવે છે.**

મેડિકલ ક્ષેત્ર દિવસે દિવસે ખુબજ ખર્ચાળ બનતું જાય છે આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને **મેડિકલની રૂા. ૧ લાખની સ્કીમ** તૈયાર કરી છે. મારી આપ સહુને નમ્ર વિનંતી છે કે આ સ્કીમમાં જોડાઈને માનવસેવાનું સુંદર કામ કરીએ. આપ સહુ જાણો છો કે મેડિકલનો ખર્ચો પણ પરવડતો નથી તો તેઓને સહાય કરીને **''મૈત્રી ભાવની ભાવના''** ને સાકાર કરીને આપણું જીવન ધન્ય બનાવીએ.

Cont. page 2

વારાણસીમાં ભક્તિ વંદના સમયે અને દાતાઓના બહુમાનના અવસરે **૧૪ પુણ્યવંત દાતાઓએ જીવન નિર્વાહ સ્કીમમાં લાભ લીધો છે.** વધારે ગૌરવભરી બાબત એ છે કે **અમેરિકામાં** રહેતા હોવા છતાં **શ્રી દાનવીર શ્રેષ્ઠી શ્રી નિતીનભાઈ જયંતિલાલ શાહે રૂા. ૬૪ લાખની માતબર રકમ એજ્યુકેશન ખાતામાં આપી છે.** ''પ્રતિબિંબ''નાં માધ્યમે **શ્રી નિતીનભાઈને શ્રી પાટણ જૈન મંડળની ટીમ દ્વારા અપીલ કરીએ છીએ કે આપશ્રી યુ.એસ.એ.થી શક્ય હોય તેટલી સારી એવી રકમનું દાન એકત્ર કરી આપણા સાધર્મિક પરિવારોના સંતાનોના ઉચ્ચ અને ઉત્તમ ભવિષ્ય માટે સહાય કરી આપશ્રીનું જીવન ઉજમાળ બનાવો તેવી અમારા સૌની ભાવના છે.**

આપણી **જીવન નિર્વાહ સ્કીમ** અને **સમાજ ઉત્કર્ષ સ્કીમો** પણ ચાલુ જ છે. જેમાં **જીવન ઉત્કર્ષ રૂા. ૫ લાખ** અને **જીવન નિર્વાહમાં રૂા ૧૧ લાખના દાન આપનાર દાતાની નામાવલી પ્રતિબિંબમાં સળંગ ૧૨ મહિનાના અંકમાં નામ આવશે.**

**પાટણના પુણ્યશાળીઓ ! એટલું જરૂરથી યાદ રાખો કોઈ સાધર્મિક નથી બોલતો, પણ તેના સંજોગો તેને બોલાવે છે. મહેનતથી ગૌરવ અને સ્વમાન જાળવીને રહેનારા આપણા પરિવારજનોનો સમય સાચવી લેવાનો છે.તેઆના હૃદયમાંથી નીકળતા Unspoken Words ને સાંભળવાના છે.**

**આપ સહુ પ્રભુશાસનને પામેલા છો થોડો તો થોડો પણ આપવાનો આનંદ કંઈક અલગ છે. એટલું તો જરૂર યાદ રાખો કે પરમાત્માની કૃપાથી જો આજે તમે સાધન સંપન્ન છો તેની પાછળ એ જ કારણ છે કે ભગવાન તમારા દ્વારા બીજાને કંઈક આપવા માટે આપે છે.**

તેથી મારી નમ્ર વિનંતી છે, ઉપરોક્ત સ્કીમમાં જોડાઈને આપશ્રીના જીવનમાં કરૂણાનો દિપક પ્રગટાવો જેનું અજવાળુ સાધર્મિકોના ઘરમાં થાય.

વર્ષ ૨૦૨૫માં પાટકર હોલ ખાતે આપણે સૌએ ગુજરાતી ગીતોનો કાર્યક્રમ માણ્યો હતો. તે મજુબ પ્રોગ્રામ સમિતિના **શ્રી રોહિતભાઈ એમ. શાહ** તેમની ટીમ સાથે ફરી એકવાર આપ સર્વેને મસ્તીમાં ઝૂમતા કરી દેવા, **તા. ૨૧ જુન ૨૦૨૬ રવિવારે પાટકર હોલ ખાતે સવારે ૧૦ થી ૧** સુધીમાં **ગુજરાતી ગીતોનો શાનદાર કાર્યક્રમ** લઈને આવી રહ્યા છે. તો સંગીતના સૂરો સાથે ઝૂમવા તૈયાર થઈ જાવ. તારીખની નોંધ તમારી ડાયરીમાં લખી લેશો. મનગમતા ગીતોની મહેફિલ હોય તો ભાવતા મિષ્ટાન અને ભોજન તો હોય જ ને ?

**સમય પાંખ લગાવીને અબાધ ગતિએ પસાર થઈ રહ્યો છે.** સમાજ ઉત્કર્ષની ભાવના સાથે સમાજના યુવક-યુવતીઓના આત્મવિશ્વાસ તેમની કાર્યક્ષમતાને પાર પાડવાની શક્તિને આપણે નિહાળી છે આ યુવાવર્ગ એ આપણા સમાજની બહુ મૂલ્ય સંપત્તિ છે. દિન-પ્રતિદિન નારી શક્તિઓનો ખૂબ ખૂબ વિકાસ થયો છે, તેઓ પાસે પણ ત્રણ પ્રકારની ક્ષમતાઓ જોવા મળે છે.

**સંઘર્ષ સાથે કામ પાર પાડવાની શક્તિ,** કટોકટી સમયે સ્વસ્થતાપૂર્વક કામ પાર પાડવું અને **Crowd Management** મોટી સંખ્યામાં લોકો સાથે કામ પાર પાડવાની શક્તિ છે તેમનો ઉત્સાહ, ધગશ અને ઉમંગભર્યા સક્રિય પ્રયાસો દ્વારા જ સમાજનો ઉત્કર્ષ થાય છે. સમાજના પરિવારો મજબૂત બને છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને અમે આપની સમક્ષ **તા. ૨૬ અને ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ શનિવાર, રવિવારના બે દિવસ માટે ''Trade Fare''** નું આયોજન નક્કી કર્યું છે. **શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહના** નેતૃત્વમાં આ પ્રોગ્રામ થશે. **નહેરુ સેન્ટર, વર્લી** ખાતે યોજાશે. સ્ટોલની વિગતો તેમજ અન્ય વિગતવાર માહિતી આપ સર્વેને **'મે-૨૦૨૬'ના પ્રતિબિંબ મારફત જાણવા મળશે** જે પટણીઓ ''**Service Industrees**''માં કામ કરે છે તેઓને મારી ખાસ ખાસ વિનંતી છે કે આપ સૌ સ્ટોલ લઈને જરૂરથી સહકાર આપજો. કારણ કે ''**Service Industrees**'' બહુ મોટી થતી જાય છે જરૂરથી તમારા જીવનમાં પ્રગતિ થશે.

મિત્રો ! આ બધા કાર્યક્રમો થતાં હોય તો સમાજના નાના બાળકોથી લઈને મોટેરાઓ સિનિયર સિટિઝનોને કેમ ભૂલાય ? તેમના માટે પણ આનંદ-પ્રમોદ કરીને, રંગરસિયા ખેલૈયા બનીને ગમતાનો ગુલાલ કરવા **''તાલીઓના તાલે'' દાંડિયા રાસની રમઝટ** બોલાવવા નિયોન લાઈટની રંગબેરંગી રોશનીમાં નાચવા, રમવા ને ધમાલ મસ્તીનો કાર્યક્રમ **તા. ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ NESCO ગોરેગામ (ઈ) માં સાંજના ૭ થી રાત્રે ૧૨ સુધીનું આયોજન** કરવામાં આવ્યું છે. **શ્રી રોહિતભાઈ શાહના** નેતૃત્વમાં **શ્રી કલ્પેશભાઈ ઝવેરી, શ્રી સંજયભાઈ આર. શાહ** તથા **શ્રીમતી અલ્પાબેન શાહ** અને પોગ્રામ સમિતિની ટીમ દ્વારા સુંદર મજાનું ઝગારા મારતું આયોજન કરવામાં આવશે.

આ બધા કાર્યક્રમોની હારમાળામાં ભાગ લેવા સહુ પરિવારજનો સાથે તૈયાર થઈ જાવ, આનંદ-પ્રમોદ કરીને ખુશ થાઓ. દરેક અવસરની યાદગાર બનાવી શ્રી પાટણ જૈન મંડળ અને પાટણ સમાજનું નામ રોશન કરો એવી અભ્યર્થના સાથે.

**લોનાવલા પ્રોજેક્ટનું કાર્ય** સારી રીતે અને ઝડપથી આગળ વધી રહ્યું છે. બિલ્ડીંગના પ્લીંન્થ લેવલ સુધીનું કામ પુરુ થયું છે.અને જિનાલયમાં ૧૧ ફુટ મંડોવર સુધીનું કામ થયું છે. પરમાત્માને આપણે સૌ પ્રાર્થના કરીએ કે આ પ્રોજેક્ટ પુરો કરવા માટે આશીર્વાદ આપે જેથી આપણે સૌ સાથે મળીને શાનદાર રીતે, ભવ્યાતી ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવીએ.

**✳ રૂા. ૨૭ લાખનું દાન લોનાવાલા જિનાલય માટે દેવ દ્રવ્યનો લાભ લેનાર**

**''સ્વ. શ્રી વિનોદભાઈ નેમચંદ શાહ, હ. શ્રીમતી રેખાબેન (રમીબેન) વિનોદભાઈ શાહ (વખતજીની શેરી)**

**✳ રૂા. ૧૧.૭૦ લાખનું દાન લોનાવાલા જિનાલય માટે દેવ દ્રવ્યનો લાભ લેનાર**

**''શ્રી જૂહુ સ્કીમ જૈન સંઘ''**

**વધુ માટે જુઓ પાના નં. ૪**



''સેલ્ફ યુનિવર્સિટીમાં એડમિશન લીધું છે ?''

## તંત્રી સ્થાનેથી...

ભારતી શાહ

પ્રિય મિત્રો !
પ્રણામ

એક કોલેજના પ્રોફેસર સાંજના સમયે ચા ના કપ સાથે પોતાના સ્ટડીરૂમમાં બેઠા બેઠા એક પેપર તપાસી રહ્યા હતા. બાજુમાં રેડિયો વાગી રહ્યો હતો. લતા મંગેશકરના કંઠે ગવાતુ ગીત પ્રોફેસર બરાબર ધ્યાનથી સાંભળી રહ્યા હતા. મનમાં કંઈક ઉથલપાથલ ચાલતી હતી. ગીતના શબ્દો કંઈક આમ હતા.

**''તોરા મન દર્પણ કહલાયે... મન હી દેવતા, મન હી ઈશ્વર, મન સે બડા ન કોઈ..''**

એવામાં જ એમનો એક વિદ્યાર્થી ત્યાં આવી પહોંચ્યો દરવાજે ઊભા રહી ટકોરો મારતા અંદર પ્રવેશવાની પરવાનગી માંગી. પ્રોફેસરના હાથમાં એક પેપર જોયુ. લાલ પેન જોઈ અને પેપર ઉપર **''સેલ્ફ યુનિર્વર્સિટી''નું** આત્મનિરિક્ષણ શિર્ષક વાંચ્યું. આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો, ત્યારે જિજ્ઞાસા સાથે પ્રોફેસર પાસેથી તે પેપર જોવા માંગ્યું. પ્રોફેસરે તેને ના પાડતા કહ્યું, ''આ તારા કામનું નથી આ તો મારી પોતાની અંગત યુનિવર્સિટીનું પેપર છે.'' હું રોજ સાંજના એક પ્રશ્ન પેપર તૈયાર કરું છું અને તેના યોગ્ય સાચા ઉત્તરો લખીને માર્ક્સ આપુ છું. લગભગ અત્યાર સુધીમાં ૮૦ પેપર્સ ભર્યા છે હજુ ૨૦ ભરવાના બાકી છે. વિદ્યાર્થી તો ભારે અચંબામાં પડી ગયો થોડોક વિમાસણમાં આવી ગયો. નમ્રતાપૂર્વક પ્રોફેસરને જરા વિસ્તારથી સ્પષ્ટતા કરવા વિનંતી કરી.

પ્રોફેસરે ખૂબ જ શાંતિથી વિદ્યાર્થીને સમજાવતા કહ્યું, **''હું જિંદગીમાં કેટલું હાર્યો છું જીત્યો છું તેનું મૂલ્યાંકન કરવુ મારી જાત માટે બહુ જ અઘરું છે. બીજાનું મૂલ્યાંકન સહેલાઈથી કરી લેતો માણસ પોતાની જાતને જ ઓળખતો નથી. પોતાના મૂલ્યાંકનમાં તેને બધા સારા ગુણો જ દેખાય છે અને અન્યના મૂલ્યાંકનમાં ગુણોની બાદબાકી કરે છે. આખી જિંદગીની વાત બાજુએ રાખ, પણ દિવસ દરમ્યાન આપણી ધીરજ, સમતા, સહન શક્તિ, આપણી ઉદારતા કે ક્ષમાભાવના અને આપણી ઝિંદાદીલીની કસોટી થતી હોય છે. પણ આપણી નજર કેવળ જીત તરફ જ રહે છે. આપણને હારના પરાજયના લેખા-જોખા કરવાની આદત નથી. આના કારણે આપણી અંદર દંભ અને અહંકાર જગ્યા કરીને બેસી જાય છે.''**

દિવસમાં દસમાંથી નવ ઘટનાઓ એવી હોય છે જેમાં આપણે હારતા હોઈએ છીએ માત્ર એકાદ ઘટનામાં જ આપણે વિજયી થતા હોઈએ છીએ. તેથી માણસની મનોવૃત્તિ જલ્દી બદલાતી નથી. અહંકાર અને દંભના પ્રભાવે માણસ પોતાની વાણી અને ગુપ્ત કાર્યો દ્વારા જે હિંસા કરે છે તે ભયાનક યુદ્ધ કરતાં પણ લેશમાત્ર ઓછી નથી હોતી. મને લાગે છે કે બહારની કોલેજમાં ભણતા-ભણાવતા વિદ્યાર્થીઓ, પ્રોફેસરો વિગેરે બુદ્ધિશાળી જરૂર બને છે. પણ એ બુદ્ધિમાં સરળતા, સાદગી, સાલસતા, નમ્રતા કે નિષ્ઠાનો સદંતર અભાવ રહે છે. તેથી તેની દ્રષ્ટિમાં દરેક વસ્તુની જેમ માણસની પણ કિંમત આંકવામાં આવે છે. માણસની અંદર રહેલી માણસાઈનું મૂલ્ય નથી સમજાતું. જે રીતે આપણા ઈતિહાસના ત્રણ પાત્રોએ પોતાની શક્તિઓના પ્રદર્શન કરતા...

**રાવણે કહ્યું, ''હું વિશ્વની મહાશક્તિ છું''**

**કંસે કહ્યું, ''હું તો ઈશ્વરનો ય મહા ઈશ્વર છું''**

**દુર્યોધને કહ્યું, ''અર્જુનનો રથ ભલે કૃષ્ણ હાંકે, મારી પાસે તો કૃષ્ણની અક્ષૌહિણી સેના છે હું જ સૌથી વધારે શક્તિશાળી છું.**

આ ત્રણેમાં નાચતા અહંકારને **યમદેવે જવાબ મોકલ્યો, ''તમને ત્રણેને હું પાઠ ભણાવીશ.** કારણ કે અહંકારના ભક્ષણની તક શોધવા હું ભાગતો હોઉ છું અહંકાર અને અહંકારી બનેને ગળી જવા એ જ મારુ કામ છે. તેથી મારી **''સેલ્ફ યુનિવર્સીટી''**માં પ્રવેશ કરીને હું જાગૃત થઈ ગયો છું. પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક પળ મારી આનંદમાં રહેવાની મોસમ આવી છે મને વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય છે. ચિંતન-મનન-સ્વાધ્યાયપૂર્વક પારદર્શક સત્ય ઉત્તરોની નોંધ કરતા હવે મને બરાબર જીવન વિશેની સાચી સમજણ આવી ગઈ છે. ઈશ્વરે પોતાની પ્રતિકૃતિરૂપ માનવનું નિર્માણ કરી મને શિક્ષક તરીકે જે કાર્ય સોંપ્યુ છે તેમાં નિષ્ઠાપૂર્વક મારું કર્તવ્ય અદા કર્યું છે. આજ સુધી ભલે હજારો વિદ્યાર્થીઓને ભણાવી તૈયાર કર્યા પણ મારે તો મારા સ્વને માટે શિક્ષણ મેળવવાનો સમય જ નહોતો.

આજે વિવિધ સંપ્રદાયો, નાત-જાત અને ધર્મના નામે ક્રિયાકાંડમાં બાંધવાની પ્રવૃત્તિ પૂર જોશમાં ચાલી રહી છે. **'અંતરાત્મા'ની** વાતો કરનારા પોતે જ પોતાના **'અંતરાત્મા'** સાથે છેતરપિંડી કરીને સીધા-સાદા-સરળ લોકોને કેવા ભ્રામક જાળ ફેલાવીને તેમા ફસાવે છે. અંધશ્રદ્ધા અને અંધવિશ્વાસની સૂફિયાણી વાતો કરીને નિર્દોષ લોકોના જીવન સાથે ભયંકર ખેલ ખેલીને તેમના જીવન બરબાદ કરી નાખે છે આનું મુખ્ય કારણ દંભી અહંકારી વિચારસરણી ધરાવનારા બાબાઓ અને સ્વામીજીઓ, સાધુઓ અને સંતોના આકર્ષણમાં આવી જઈને લોકો પતનના માર્ગે જતાં રહે છે તો ક્યાં છે આવા દંભીઓનું સ્થાન ? શું ઈશ્વરના દરબારમાં છે ? કયા છે આવા લોકોની યુનિવર્સિટી ?

માણસને આ શિક્ષણ વેચાતું નથી મળતું. પોતાની ભીતરમાંથી જ સાચું શિક્ષણ અને સાચી કેળવણી સ્વયંબદ્ધ બનીને મેળવવાની છે. પોતાના અઘરામાં અઘરા પ્રશ્નોના ઉકેલની આવડત એ સૌથી મોટો નાગરિક ધર્મ છે, દંભ અને અહંકારની ચાદર તો ક્યારનીયે વર્ષોથી મેલી થઈ ગઈ છે. તેને અહીં જ ફેંકી દેવાની છે. સાદગી અને સરળતાની પ્રેમની ને અનુકંપાની ચાદર ઓઢીને જ ઈશ્વરના દરબારમાં વિજયી બનીને પ્રવેશ મેળવવાનો છે પણ મારે તો **સેલ્ફ યુનિવર્સિટીના બગીચામાંથી એક માનવ સુમન ફેલાવીને, પ્રસન્નતાનું સંગીત વગાડીને ઈશ્વરના દરબારમાં જવું છે તેથી 'સેલ્ફ યુનિવર્સિટી'માં એડમીશન લઈ લીધું છે તારે પણ જોઈએ છે તો લઈ લે મળી જશે.**

– અસ્તુ –

પાના નં. ૨ થી ચાલુ

**સૌરભ મેડિકલ હેલ્થકેરના પેથોલોજી ડિપાર્ટમેન્ટનો** પાટણના રહીશોએ અવશ્ય લાભ લેવો જોઈએ. સાથે સાથે પોતાની ઓફિસનો સ્ટાફ અથવા ફેક્ટરીના સ્ટાફનો પણ લેબોરેટરી ટેસ્ટ કરાવવો જોઈએ. આ માટે આપણી સંસ્થાના ટેકનિશિયનો તમારે ત્યાં આવીને તમારા એમ્પ્લોઈનું બ્લડ સેમ્પલ લઈ જશે.

સૌરભ મેડિકલના અદ્યતન મશીનોમાં આ બ્લડ ટેસ્ટ કરીને સાંજ સુધીમાં રિપોર્ટ પણ આપી દેવામાં આવે છે. આ સેવાનો લાભ લેવો સૌના માટે હિતાવહ છે.

હમણાં જ શ્રી પાટણ જૈન મંડળના ફર્સ્ટ વાઈસ પ્રેસિડેન્ટ **શ્રી હેમંતભાઈ સાલવીની** ઓફિસમાં આવો જ એક કેમ્પ કરવામાં આવ્યો હતો. ત્યાં તેમનાં ૩૦ જણના સ્ટાફનું બ્લડ ટેસ્ટિંગ અને ચેકઅપ કરી સાંજ સુધીમાં રિપોર્ટ મોકલી આપવામાં આવ્યા હતા.

દરેક કોર્પોરેટ ઓફિસ અને ફેક્ટરીઓમાં આ સુવિધા આપવામાં આવશે. આપણા સમાજમાં અનેક કોર્પોરેટ કંપનીઓ છે તેના માલિકોને નમ્ર વિનંતી છે કે આપણા સૌરભ મેડિકલ સેન્ટરનો આ લાભ તમે તમારા સ્ટાફ અને કર્મચારીઓ માટે લઈ શકો છો. આ પેકેજના દર (રેટ) પણ ઘણા વ્યાજબી છે, તો **સૌરભ મેડિકલ સેન્ટરનો સંપર્ક કરશો.**

* * * * * * * * * * * *

Respected Sir, We are pleased to inform you that today we successfully concluded the first Corporate Blood Testing campaign at JET Realty for 30 employees, which was sponsored by **Hemant Sir.** We sincerely thank and appreciate his remarkable initiative and co-operation to **SMHC.** We believe that this type of health screening campaign will set a benchmark for Pattni's who running their own businesses; they can implement it for their employees also.

For additional information, please contact us at **Mr. Anand Andhe** (CEO, Mob: 9702572925). If you have any recommendations or ideas, please contact us at Email: smhc@patanmandal.org Tel: 022-31774129, Mob: 8369844115 Once again thank you so much Sir & stay blessed.

## લોનાવાલા ખાતે નવગ્રહ જિનાલય માટે દેવદ્રવ્યના લાભાર્થી

| | |
|---|---|
| ❖ શ્રી મરીનડ્રાઇવ જૈન આરાધક ટ્રસ્ટ | રૂા. ૧.૦૮ કરોડ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય-મોટા દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ - રતન નગર | રૂા. ૨૭ લાખ |
| ❖ સ્વ. શ્રી વિનોદભાઈ નેમચંદ શાહ, હ. શ્રીમતી રેખાબેન વિનોદચંદ્ર શાહ (વખતજીની શેરી) | રૂા. ૨૭ લાખ |
| ❖ શ્રી ફોફલિયાવાડો, પોળની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મહાલક્ષ્મી માતાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી શાંતીનાથ જિનાલય, નાનું દેરાસર, કનાસાનો પાડો | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ચોધરીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી સહસ્ત્રફણા શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ (બાબુલનાથ) | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી મનમોહનજીની શેરી | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ, બાણગંગા વાલકેશ્વર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી ઘર દેરાસર | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી ઢંઢેરવાડા મહોલ્લા પ્રોપર્ટી ટ્રસ્ટ | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા ઈસ્ટ) | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી જૂહુ સ્કીમ જૈન સંઘ | રૂા. ૧૧.૭૦ લાખ |
| ❖ શ્રી વિલેપાર્લા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટી ટ્રસ્ટ (વિલેપાર્લા વેસ્ટ) | રૂા. ૫.૦૦ લાખ |

# દિશાનો યાત્રા પ્રવાસ એટલે ''કૃતજ્ઞતા અને સેવા નો સ્પર્શ''






વિવિધ દાતાશ્રીઓના સહયોગ અને શુભભાવના થી આજથી ૨૦ વર્ષ પહેલાં શરૂ કરાયેલ દિશા દિવ્યાંગ ઉત્કર્ષ કાર્યશાળા આજે સંપૂર્ણ રીનોવેશન સાથે નવી ઉર્જા અને નવી ઓળખ મેળવી રહી છે. આ સુંદર પરિવર્તન માત્ર ઈમારતનું નથી, પરંતુ અનેક દિવ્યાંગ બાળકોના જીવનમાં આશા અને આત્મવિશ્વાસનું નવજીવન છે. આ માટે દરેક દાતાશ્રીનો હૃદયપૂર્વક આભાર

પાટણમાં ''કેરિ ફોર'' હોટલ ખાતે યોજાયેલી ખુશીના પ્રસંગે, બાળકો સાથે તા. ૭ માર્ચ ૨૦૨૬ના ''અલેહા''ની બર્થડે કેકની મીઠી મજા માણવાની ક્ષણો ખરેખર અવિસ્મરણીય રહી. અમારી અયોધ્યા સહિત વિવિધ કલ્યાણક ભૂમિની યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ થઈ જે દરેક માટે આત્મિક આનંદ અને શાંતિનો અહેસાસ કરાવનારી રહી.

બાળકોની નિર્દોષ ઈચ્છા હતી કે ''અમને પણ યાત્રા પર લઈ જાઓ'' અને આ ભાવનાને સાકાર કરતાં આ વખતે મણિલક્ષ્મી તીર્થ તથા ખંભાત તીર્થ ખાતે તા. ૧૩ માર્ચ થી ૧૬ માર્ચ સુધી વિશેષ યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું.

આ યાત્રામાં ૨૦ બાળકો, ૨૦ વાલીઓ, સ્ટાફ અને સ્વયંસેવકો સાથે મળીને એક પરિવારની જેમ પ્રેમ અને આનંદ સાથે સમય વિતાવ્યો. તથા સુંદર ભગવાનની ભક્તિ કરી આ ચાર દિવસની યાત્રા સંપૂર્ણ ભક્તિમય રહી

બે વર્ષ પહેલા વિજુબા જનહિત સ્પેશ્યલ સ્કૂલના ઓપનિંગમાં જવાનુ સદભાગ્ય મળ્યું હતું, ત્યારે જ નક્કી કર્યું હતું કે દિશાના બાળકોને અહીં લાવવા - અને આજે તે સંકલ્પ પૂર્ણ થયો.

આ મુલાકાત દરમિયાન વિજુબા સ્કૂલના સ્પેશ્યલ બાળકો તથા દિશાના બાળકો એકબીજા સાથે સુંદર રીતે ઇન્ટરકનેક્ટ થયા, વિચારોની આપ-લે કરી અને એકબીજાથી ઘણું નવું શીખવાની પ્રેરણા મેળવી જે ખરેખર આ યાત્રાનો સૌથી અમૂલ્ય અનુભવ રહ્યો.

આ સમગ્ર આયોજન શક્ય બન્યું છે - **લાભાર્થી પરિવારઃ શાંતિલાલ નગીનદાસભાઈ શાહ હસ્તે જીતેનભાઈ શાહ તથા અનેક દાતાશ્રીઓના ઉદાર સહયોગથી - આપ સૌના આ યોગદાન માટે હૃદયથી આભાર.**

**સ્વામી શ્રી ધર્મનંદનદાસજી જે જનહિત ચેરીટેબલ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ છે** બાળકોને કઈ રીતે ઉપર લાવવા તેના માટે આપણે શું વધારે કરી શકીએ તેનું માર્ગદર્શન આપ્યું. સ્વામીજીએ બાળકો માટે વાહનની વ્યવસ્થા અને સ્વાદિષ્ટ રસ-પૂરીનું પ્રેમભર્યું જમણ આપ્યું - જે સૌ માટે આનંદદાયક બની રહ્યું. આવા અનેક સુંદર પ્રયત્નો માટે આપનો સહયોગ જ અમારુ સાચું બળ છે.

આગામી સમયમાં પણ દિશાના બાળકોના વિકાસ, આનંદ અને આત્મનિર્ભરતા માટે આપનો સાથ અને આશીર્વાદ અમૂલ્ય રહેશે.

**ચાલો, મળીને તેમના જીવનમાં વધુ પ્રકાશ લાવીએ.**



**સ્વ. શ્રી હરેશભાઈ પૂનમચંદ શાહ (ડીસાવાલા)**
**હ. શ્રીમતી પુષ્પાબેન હરેશભાઈ શાહ (કનાસાનો પાડો)**
**રૂા. ૧ લાખ મેડિકલ સહાય ફંડ**



**સ્વ. શ્રી વિનોદભાઈ નેમચંદ શાહ**
**હ. શ્રીમતી રેખાબેન (રમીબેન) વિનોદભાઈ શાહ (વખતજીની શેરી)**
**રૂા. ૨૭ લાખ લોનાવાલા દેરાસર દેવદ્રવ્ય**

# અહા... હા... શી ગરીબી અને શી દિલની અમીરાત ?

અગિયારમાં સૈકામાં રાજસ્થાનમાં એક રજવાડાના રાજવી પીપા ભગત થઈ ગયા. ઉંમર વધતા તેમને જીવન પ્રત્યે વૈરાગ્ય જાગ્યો. રાજપાટ છોડીને દ્વારકાની જાત્રાએ જવાનો વિચાર આવ્યો. તેણે ઘણી રાણીઓ હતી. તેમાં બધી રાણીઓનો અભિપ્રાય પૂછ્યો. તેની સાથે આવવા કોઈ રાણી તૈયાર ન થઈ. એક અણમાનીતી રાણી હતી, નામે સીતાબાઈ, તે તૈયાર થઈ ગઈ. પીપા ભગત તો તેને સાથે લઈ ભગવો પહેરીને દ્વારકાની જાત્રાએ નીકળી પડ્યા. લાંબી મુસાફરી પછી સૌરાષ્ટ્ર પહોંચ્યા. પગપાળા ચાલવાનું એટલે ચાલતાં ચાલતાં વિસામો લેવો પડતો. એકવાર એક ગામે રાતવાસો કરવાનું થયું. સાંજનો સમય ગામને પાદર એક ઘરે પૂછ્યું. ''ભાઈ, અહીં કોઈ ભગતનું ઘર હશે ?'' કોઈકે ટીખળ કરવા ઢાંગર ભગતનું ઘર બતાવ્યું. ઢાંગર ભગત પૈસે ટકે તદ્દન ગરીબ. ભગત અને ભગતાણી માંડ માંડ પૂરુ કરે, પણ દિલના સાચા. માથે તૂટેલા છાપરાવાળું ઘર, અંગ ઢાંકવા માંડમાંડ કપડાં મળે. ત્યાં સાંભળ્યું કે રાજસ્થાનના પીપા ભગત અને રાણી સીતાદેવી તેમને ઘેર રાતવાસો કરવા આવી રહ્યા છે. ઢાંગર ભગતે અતિથિ બનીને આવેલા પીપા ભગતનું સ્વાગત કર્યું. ''અતિથિદેવો ભવઃ'' ના મંત્રને જીવનમાં સાર્થક કરી ચૂકેલા ઢાંગર ભગત પીપા ભગતને સત્કારવામાં પાછી પાની કરે ખરા ? પણ ઘરમાં જોયું તો રાંધવા ધાન ન મળે ! ઢાંગર ભગતે પીપા ભગત અને રાણી સીતાદેવીને કાથીના ખાટલે બેસાડ્યા. પાણી પાયુ. થોડીવાર આરામ કરવાનું કહી ઢાંગર ભગત પત્ની સાથે મસલત કરવા ઘરમાં ગયા.

પત્ની કહેઃ ''ભગત, ઘરમાં તો બે રોટલા પણ થઈ શકે તેટલો લોટ નથી !''

ઢાંગર ભગત કહેઃ ''તો શું આંગણે આવેલો અતિથિ ભૂખ્યો રહેશે ?''

ના, ના પત્ની બોલી. ''તમે મુંઝાઓ મા, ઘરમાં વેચવા જેવું પણ કાંઈ બચ્યું નથી.''

મારા શરીર પર પહેરેલી આ છેલ્લી સાડી બચી છે તેથી તે વેચી આવો !

ઢાંગર ભગત કહે, '' પછી તમે શું કરશો ?''

''હું બંધ બારણે રસોઈ કરીશ. તમે મહેમાન પાસે બેસજો !''

ઢાંગર ભગત પત્નીની સાડી લઈ બહાર નીકળ્યા. બજારમાં જઈ સાડી વેચી જે કાંઈ ઉપજ્યું તેનો લોટ લઈ ઘરે આવ્યા. પત્નીએ ઝ ડપથી રસોઈ કરી. ઢાંગર ભગતે પીપા મહારાજ અને સીતાદેવીને જમવા બોલાવ્યા, ''પધારો મહારાજ અને સીતાદેવી આસને બેઠા. પીપા મહારાજ ઢાંગર ભગતની ગરીબીથી અજાણ હતા. બોલ્યા, ''ભગત, આજ તો ચારે જણા સાથે બેસીને જમીએ.''

ઢાંગર ભગત કહે, ''મહારાજ અતિથિદેવો ભવઃ દેવ પહેલા જમે પછી ભગત જમે ! અમે તો પ્રસાદના ભૂખ્યા.'' આમ કહી ઢાંગર ભગત તો હાથ જોડી ઊભા રહ્યા. પીપા મહારાજે ઘરમાં નજર દોડાવી ભગતાણીને ક્યાંય ન જોયા. એટલે પૂછ્યું, ''ભગતાણી કેમ દેખાતા નથી ?'' ભગતે કહ્યું.

''મહારાજ, એ બહાર આવી શકે તેમ નથી, તેના અંગ પરની છેલ્લી સાડી વેચીને આ રોટલા તૈયાર કર્યા છે. તમે ચિંતા ન કરો. મારો ભગવાન બધુ સાંભળી લેશે. એ કોઈને ભૂખ્યા સુવાડતો નથી ! તમે ભોજન શરૂ કરો !''

પીપા ભગત અને રાણી સીતાદેવી ઢાંગર ભગતની કથની સાંભળીને દંગ થઈ ગયા. બધી પરિસ્થિતિ સમજી ગયા. બન્નેની આખો આંસુથી છલકાઈ ગઈ. ''અહા... હા શી ગરીબાઈ ? અને શી દિલની અમીરાત ?'' આટલી બધી ગરીબાઈમાં પણ ઈશ્વર પર શ્રદ્ધા રાખીને આતિથ્યધર્મ પાળવાની કેટલી તત્પરતા ! રોટલાનું બટકું મોમા પ્રસાદરૂપે લઈ પીપા મહારાજ અને રાણી સીતાદેવી બન્ને ઊઠી ગયા. કહેતા ગયા ''ભગત તમે ચિંતા કરશો નહીં, ભોજન તો આપણે સાથે જ કરશું !'' બન્ને ગયા, મંદિરમાં જઈને પૂજારી પાસેથી ઢોલક માગ્યું. સીતારાણીએ પગે ઝાંઝર બાંધ્યા. પૂજારીને કહ્યું, ''ગામમાં જાહેર કરી દો કે રાજસ્થાનથી એક નર્તકી આવી છે તેનો નાંચ આજે ચોરા પર જોવા સૌ આવજો !'' થોડીવારમાં તો ગામ લોકો ચોરા પાસે ભેગા થઈ ગયા. ''રાજસ્થાનથી નર્તકી આવી છે. તેનો પતિ ઢોલ બજાવી ગાશે અને નર્તકી નાચશે ! હાલો, સૌ, જોવાની મઝા આવશે !''

રાજસ્થાનના કાંગરાને ગઢના એક વખતના રાજવીઓ ઢોલ હાથમાં લીધો. તેની રાણી સીતાદેવીએ હાથમાં મંજીરા લઈ લીધા અને પગે બાંધેલા ઝાંઝરમાંથી તાલ દીધો. ''થા, થા, થૈ, થા, થા, થૈ !'' નૃત્ય ગીતની રમઝટ જામી. ગામના લોકોને આવું મનોરંજન કયાં મળવાનું ? આ તો ઘેર બેઠા ગંગા. ગામ લોકો રાજી રાજી થઈ ગયા. ભારે જમાવટ થઈ ગઈ. ગામ લોકોમાં વાત ફેલાઈ ગઈ, ''રાજસ્થાનથી નર્તકી આવી છે ! શું નાચે છે ? રંગ જમાવે છે !'' ગામના નગરશેઠે પૈસા આપ્યા લોકોએ તેનું અનુકરણ કર્યું ! પૈસાનો વરસાદ વરસ્યો. ઢોલક અને મંજીરા પૂજારીને પાછા આપ્યા. બન્નેના મુખ પર એક પ્રકારનો સંતોષ વર્તાતો હતો. 'અતિથિધર્મ' જેમ ઢાંગર ભગતે પાળ્યો એમ અમે પણ 'અતિથિ'નો ધર્મ બજાવવામાં ઊણા ઉતર્યા નથી ! બજારમાંથી સાડી લઈ પીપા મહારાજ અને સીતારાણી ભગતને ઘેર આવ્યા. મહારાજે કહ્યું, ''જાવ, તમે ભગતાણીને સાડી પહેરાવી જમવાની તૈયારી કરો !''

સીતાદેવીએ ઘરમા જઈને જોયું તો અનાજની ખાલી કોઠીમાં નિર્વસ્ત્ર થઈને ભગતાણી શરમના માર્યા ધ્રુજતા બેઠા હતા. સીતાદેવીએ જીવતી જાગતી ગરીબીના દર્શન આજે કર્યા. ભગતાણીના હાથ ઝાલીને તેમને બહાર કાઢ્યા. ચારે જણા સાથે બેસીને રોટલા જમ્યા. સવાર થઈ એટલે પીપા મહારાજે ઢાંગર ભગતની રજા માંગી.

ઢાંગર ભગતે કહ્યું, ''મહારાજ, એક વિનંતિ છે. તમારી સાથે અમને ય દ્વારકાની જાત્રાએ ન લઈ જાવ ?'' ''ભલે, એમાં શું બે કરતા ચાર ભલા.'' ઢાંગર ભગત અને ભગતાણી રાજીરાજી થઈ તૈયાર થઈ ગયા. અનેક ગામો વટાવતા રસ્તામાં જંગલ આવ્યું. ધોમધખતા તાપમાં સીતારાણીને તરસ લાગી. આજુબાજુ ક્યાંય પાણીનો ઝરો કે કુવો ન મળે. ઢાંગર ભગત પાણીની તપાસ કરવા નીકળ્યા... એટલામાં ક્યાંકથી એક સિંહ આવ્યો. બધા ગભરાયા, પણ પીપા મહારાજ કહે, ''ગભરાવ મા ! આમાં પણ ઈશ્વરના કંઈક સંકેત હશે !'' સિંહ થોડીવાર બેસીને ચાલ્યો ગયો. પીપા મહારાજે બધાને કહ્યું. ''અહીં ખોદો. પાણી નીકળશે ! સિંહના રૂપમાં મારો દ્વારકાનો નાથ જ આવ્યો હતો. કહી ગયો કે મારા દર્શને થોડા મોડા આવશો તો ચાલશે, પણ અહીંથી પસાર થતાં જાત્રાળુઓ તરસ્યા થાય છે, તેમને માટે પીવાનું પાણી નથી. માટે અહીં ખોદો !'' પીપા ભગતે બાજુના ગામમાંથી ઘમેલા, ક્રોશ, કોદાળી અને પાવડા મંગાવ્યા. ધીમે ધીમે ઊંડુ ખોદવાથી પાણી નીકળ્યું સામટા હાથ રળિયામણા ! વધુ ખોદવાથી પાણી વધુ નીકળ્યું. પીપા ભગતે આગેવાની લીધી એટલે આ જગ્યાનું નામ પડ્યું ''પીપાવાવ !''

આજે પણ સૌરાષ્ટ્રના દરિયા કિનારે આ વાવ છે, જે ''પીપાવાવ'' ના નામથી ઓળખાય છે. ત્યાં રણછોડરાયનું મંદિર છે. દરિયો રણછોડરાયના પગ પખાળે છે. પીપા ભગત વિશે લખેલો એક દુહો પદ્મશ્રી દુલા કાગ બહુ ગાતા.

**''પીપા, પાપ ન કિજીયે, પુણ્ય કિયા સો બાર !**
**જો કિસીકા ના લે લીયા, દે દિયા બાર હજાર !''**

કોઈનું કાંઈ ઝૂંટવી ન લઈએ, એ એક હજાર વાર દીધા બરોબર છે.

◆ સંકલન

## પુસ્તક વાંચનનું મહત્વ

દુનિયા ડિજિટલ બની ગઈ છે. ઈન્ટરનેટ પર જ દરેક પ્રશ્નના જવાબો અને જાણકારી મળી જાય છે. દિવસે દિવસે માણસ સાવ એકલો પડી ગયો છે. દરરોજ સવાર પડેને એક સમસ્યા તો માણસ માટે ઊભી થાય છે. હાર્ટ એટેક, કેન્સર, ડિપ્રેશન જેવા જીવલેણ રોગોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. માણસ જાણે જિંદગી જીવવા જંગ લડી રહ્યો છે.

શારિરીક પારિવારિક, આર્થિક સમસ્યાઓથી માણસ ઘેરાયેલો છે. આવા સમયે માનસિક તણાવ ઓછો કરવો જરૂરી છે. તેથી જ માનસિક તણાવ ઓછો કરવા વાંચન દવાનું કામ કરે છે.

અત્યારના સમયમાં જેટલી સારા પુસ્તકો વાંચવાની જરૂર છે, તેટલી પહેલાના સમયમાં ક્યારે ન હતી. શરીરના મોટાભાગના રોગો મનની પેદાશ છે. સતત નકારાત્મક વિચારોથી ટેન્શન અને પછી સ્ટ્રેસ વધે છે. જે તન અને મનને નુકસાન કરે છે. નિજાનંદ અને જીવનની ખુશી માટે વર્તમાન સમયમાં પુસ્તક વાંચન જ શ્રેષ્ઠ ઉપાય છે. વર્તમાન સમયે માણસ શાંતિ શોધે છે. માણસ પાસે બધું જ છે માત્ર શાંતિ જ નથી, તેવું લાગે છે.

વાંચનની ટેવથી સારી ઊંઘ આવે છે, યાદશક્તિ વધે છે, મનને શાંતિ મળે છે. વિચારવાની અને સમજવાની ક્ષમતામાં વધારો થાય છે. જનરલ નોલેજમાં પણ વધારો થાય છે. વાંચવાનો શોખ કેળવાય તો વ્યક્તિને નિજાનંદ મળે છે. આત્મજ્ઞાન માટેનો એકમાત્ર રસ્તો પુસ્તક જ છે. પ્રાર્થના આત્માનો ખોરાક છે. તેમજ સારું વાંચન પણ આત્માનો ખોરાક છે.


શરીર માટે સારા ખોરાકની જરૂર પડે તો મન માટે સારા વિચારોની જરૂર છે. સારા વિચાર ઉગાડવાનું કામ વાંચન કરે છે. પુસ્તકો માત્ર જ્ઞાન જ નથી આપતા મનને શાંતિ, ખુશી, ઉર્જા અને જીવન જીવવાની પ્રેરણા આપે છે.

એક પુસ્તક તમારી જિંદગીને બદલી શકે છે. નવી ઉર્જા અને નવી પ્રેરણા મળે છે. વાંચન જ માણસને જ્ઞાન, સમજણ અને જીવન જીવવાની નવી દિશા આપે છે. ઈન્ટરનેટ, સોશિયલ મીડિયાની ઝડપી દુનિયામાં પુસ્તકો જ માણસના સાચા મિત્રો છે.


## Shree Mahavir Jain Vidyalaya

Following vacant seat as under :
One Girl Seat at **VADODARA VIDYALAYA** If any one is in need / wants to recommend
Please Contact :-
**Yashwant Jhaveri Mo : 98200 88997.**

# વિવિધ યોજનાઓમાં ઉત્સાહભેર ભાગ લેવા હાર્દિક વિનંતી.







**Rs. 25+6.5 = 31.5 Lc  બે ભાગમાં સયુંક્ત લાભાર્થી :**

પાર્શ્વયક્ષનો અર્ધો લાભ અપાઈ ગયો છે
બીજા ભાગના લાભાર્થીનું નામ લેવાનું બાકી છે,
જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે, આ સ્કીમમાં પાર્શ્વયક્ષ
ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૬.૫૦ લાખ રહેશે.

**Rs. 30 Lc  એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી  એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc  એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.


| | |
|---|---|
| Rs. 2.25 Cr | ડાઈનીંગ હોલ |
| Rs. 1.50 Cr | Grand એન્ટ્રન્સ લોબી |
| Rs. 1.25 Cr | ક્રિકેટ ગ્રાઉન્ડ |
| Rs. 1.25 Cr | લેન્ડસ્કેપ એરિયા |
| Rs. 1.25 Cr | હોલ (૨૦૦ વ્યક્તિ માટે) |
| Rs. 63 Lc | હોલ (૧૦૦ વ્યક્તિ માટે) |
| Rs. 30 Lc | વ્યૂવિંગ ગેલેરી |

દાતા શ્રીઓને એમનું દાન એક વર્ષમાં આપવાનું રહેશે.
સંસ્થાને પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમ ટેક્ષ કાયદા કલમ 80G અન્વયે ૫૦ ટકા કરમુક્તિને પાત્ર છે


**વધુ વિગત માટે સંપર્ક**

શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫ • શ્રી હેમંતભાઈ કે. સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯ •  શ્રી દેવેશભાઈ આર. શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય
દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. બે કરોડ સાત લાખ)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.
* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
  (અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
  દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❈ નમ્ર અપિલ ❈
પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

## શ્રી પાટણ જૈન મંડળ
## હોલી ડે હોમ લોનાવાલા
# LONAVALA PROJECT DONOR

**લોનાવાલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**
**Rs. 10 Cr.**
**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**
**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના મુખ્ય લાભાર્થી**
**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**
**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**
**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**
**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી) હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ, હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
  - શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) હ. શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ
- શ્રીમતી સુધાબેન હર્ષદભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી મીનાબેન નિતિનભાઈ શાહ પરિવાર (મહાદેવાજીની શેરી)
  - શ્રીમતી સંગીતાબેન ચંદ્રકાન્તભાઈ મુલચંદ શાહ (સંઘવીનો પાડો) હ. સ્વાતી ચંદ્રકાન્ત શાહ
  - શ્રી ભોગીલાલ રામચંદ્ર શાહ (જાફુજીવાલા) હ. ચિંતનભાઈ નિતિનભાઈ શાહ (તંબોલીવાડો)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)
- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ (શામળાજીની શેરી, ખેતરવસી)
- પદ્માવતી માતા - શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- અંબિકા દેવી - શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)
- મણિભદ્રવીર દાદા - શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો) USA
- શ્રી ગૌતમસ્વામી - શ્રીમતી કિન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો) - એક સદગૃહસ્થ
- શ્રી વિનોદભાઇ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી જ્યોત્સનાબેન પ્રવિણચંદ્ર શાહ-હ. શ્રીમતી નિકીતાબેન ધીરેનભાઈ શાહ, હર્ષિલ, સુહાની, વિધી, સાગર, કિયાન, આરવ (મહાદેવાજીની શેરી, ખેતરવસી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ (ખેતરવસી - મહાદેવાજીની શેરી)
  માતુશ્રી ચંપાબેન નેમચંદભાઈ શાહ (ડીસાવાળા) (કનાસાનો પાડો) હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ USA
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવસી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (કપુરમહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી શીલાબેન નરેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રીમતી શીલાબેન દિપકભાઈ સેવંતીલાલ પટણી (મનમોહનજીની શેરી)

### શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

# શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

## અન્નદાન.... પુણ્ય મહાન

## ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન

- મુમુક્ષુ વૈયાવચ્ચ યોજના – કાયમી ફંડ રૂા. ૫,૨૫,૦૦૦/–
- મુખ્ય આધારસ્તંભ યોજના ખાતે કાયમી ફંડ રૂા. ૩,૧૧,૦૦૦/–
- સહાયક ભક્તિ ફંડ યોજના – તક્તિમાં નામ આવશે રૂા. ૧,૧૧,૧૧૧/–
- ભોજન ખંડમાં ફોડો કાયમી ફંડ ખાતે રૂા. ૫૧,૦૦૦/– • દૈનિક ભક્તિ રૂા. ૫,૦૦૦/–

• સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન • સાધર્મિક ભક્તિ • મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઈ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧

**સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✻ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ**

ADVT


# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

### શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન: (૦૨૭૬૬)૨૨૦૨૦૩

માર્ચ-૨૦૨૬, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

મુંબઈ કાર્યાલય:-
૨૦૩, શ્રીજી દર્શન બિલ્ડીંગ,
પ્રસાદ ચેમ્બરની સામે, ટાટા રોડ
નં. ૨, ઓપેરા હાઇસ, મુંબઈ-૪૦૦૦૦૪.
મો. : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈ: શ્રી નિખીલભાઈ આર. શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ આર. શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬ • શ્રી હિતેશભાઈ એમ. શાહ મો. ૯૮૨૦૦૭૦૨૦૮

| | |
|---|---|
| શ્રીમતી જીગીશાબેન રાજુભાઈ શાહ (વિલેપર્લા)<br>પૌત્ર ચિ. રાયન કેવલ શાહના જન્મની ખુશાલી | ૧,૭૧,૦૦૦ |
| શ્રી મુનીસુવ્રત સ્વામી જૈન દેરાસર ટ્રસ્ટ, પાટણ<br>(મારફતિયા મહેતાનો પાડો) | ૧,૫૦,૦૦૦ |
| શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ,<br>(વાલકેશ્વર) સ્વ. અમીતભાઈ પ્રકાશભાઈ શાહના સ્મરણાર્થે (વિજાપુર) | ૧,૦૧,૦૦૦ |
| શ્રી પરાગભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ (મુંબઈ) | ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી સરલાબેન જૈન (ફરીદાબાદ, હરિયાણા) | ૧,૦૦,૦૦૦ |
| જીન સેવા ફાઉન્ડેશન (મુંબઈ) | ૫૧,૦૦૦ |
| શ્રી રાયન દામીની કેવલ શાહ (વિલેપાર્લા) | ૫૧,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (વિલેપાર્લા) | ૩૭,૫૦૦ |
| M/s. C,J, Shah & Co. (Nariiman Poin) | ૩૭,૦૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન બીરેનભાઈ શાહ (કપુર મહેતાનો પાડો)<br>(શ્રી અક્ષયભાઈ નવિનચંદ્ર જેશીંગલાલ શાહના સ્મરણાર્થે) | ૩૫,૦૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન બીરેનભાઈ શાહ (કપુર મહેતાનો પાડો)<br>(શ્રી મહેન્દ્રભાઈ જેશીંગલાલ રામચંદ્ર શાહના સ્મરણાર્થે) | ૩૫,૦૦૦ |
| શ્રી ફોર્ટ તપાગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘ, (ફોર્ટ, મુંબઈ) | ૩૧,૦૦૦ |
| શ્રી મહાવીરનગર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ, (શંકરગલી કાંદિવલી) | ૩૧,૦૦૦ |
| શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ, (અબજી મહેતાનો પાડો)<br>મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે પશુઓને ગોળ | ૩૧,૦૦૦ |
| શ્રી શાંતિનાથ જૈન દેરાસર ટ્રસ્ટ (અમદાવાદ) | ૩૧,૦૦૦ |
| શ્રી પૂજા પ્રકાશભાઈ શાહ (સુરત) | ૨૭,૦૦૦ |
| શ્રી શાંતિ ફાઉન્ડેશન (નેપિયન્સી રોડ) | ૨૫,૦૦૦ |
| શ્રીમતી જયબાલાબેન પ્રવિણભાઈ શાહ (ભાભાનો પાડો) | ૨૫,૦૦૦ |
| શ્રીમતી રેણુકાબેન રજનીકાંતભાઈ શાહ (માતૃઆશિષ) | ૨૫,૦૦૦ |
| શ્રી ગુજરાતી શ્વે. મુ.જૈન સંઘ (મીન્ટસ્ટ્રીટ, ચેન્નઈ) | ૨૧,૦૦૦ |
| શ્રી નવપલ્લવ હેપીહોમ શ્વે. મુ. જૈન સંઘ (દહીસર - વે) | ૨૦,૦૦૦ |
| શ્રી પ્રતિક હરનીકભાઈ શાહ (ખેતવાડી) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી પારુલબેન બીમલભાઈ શાહ (અબજીમહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી પ્રવિણાબેન કેશરીચંદભાઈ સાલવી (અંધેરી) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી ગીતાબેન અનીલકુમાર શાહ (ચૌધરીની શેરી) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી એસ.કે.વી. ઘાટકોપર જૈન દેરાસર ટ્રસ્ટ (ઘાટકોપર) | ૧૧,૦૦૦ |
| શ્રી શેત્રુંજય ટાવર જૈન સંઘ (સુરત) | ૧૧,૦૦૦ |
